# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧    અંક : ૨૭૪



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર....

જુન ૫ દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાય છે. આ વર્ષે યુનાઈટેડ નેશનનો પર્યાવરણ દિવસ નવી દિલ્હીમાં ઉજવાશે અને યુ.એન ના સેક્રેટરી જનરલ તેમાં હાજરી આપશે. આ વર્ષનો મુખ્ય વિષય છે. Beat Plastic Pollution પ્લાસ્ટીકના બગાડથી પર્યાવરણને બચાવો.

આજે આપણા દેશના કોઈ પણ નાના મોટા શહેરોમાં જોશો તો એક ટાઈમ વપરાય તેવી પ્લાસ્ટીકની થેલીઓના ઢગલા ફેલાયેલા હશે. ફંકસન હોલ બહાર પ્લાસ્ટીકના કપ, પાણીની પ્લાસ્ટીક બોટલો, પ્લાસ્ટીકની ચમચીઓ ઈત્યાદીથી કચરાની ગાડીઓ ઉભરાતી હોય છે. ગટરો, નાળાઓમાં આ થેલીઓ અટકતા અને વરસાદના પાણીને ફ્રી રસ્તો ના મળતા, નીચાણ વાળા વિસ્તાર પાણીમાં ડુબી જતા પારાવાર નુકશાન થતું હોય છે. પ્લાસ્ટીકનો કચરો દરિયામાં પણ મોટા પ્રમાણે ઠલવાય છે અને પ્રદુષણથી દરિયાના જીવોને પણ ઘણી હાની પહોંચે છે.

તેલંગાના સરકારે નિરધારેલ છે કે સાલ ૨૦૨૨ સુધીમાં હૈદ્રાબાદને સંપુર્ણ પ્લાસ્ટિકમુક્ત બનાવવો અને હરિયાળી ક્રાંતી લાવવી. આ લક્ષને પામવા હૈદ્રાબાદના વતની તરીકે આપણે સહુ પણ હૈદ્રાબાદને પ્લાસ્ટીક મુક્ત બનાવવા પુરો સહકાર આપવા સંકલ્પ કરવો જરૂરી છે.



# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

મુંબઈથી નીકળતા એક ગુજરાતી માસિકને આસરે સાડા ત્રણ દાયકા પુરા થયેલ છે. અત્યાર સુધીની તેમની સફર સંતોષજનક રહેલ છે. વિચાર વિમર્શ કરતા, સંપાદક મંડળના એક સભ્યને લાગ્યું કે છેલ્લા થોડા વર્ષોથી માસિકનો વાંચકવર્ગ જે હતો તેને તેજ છે, કોઈ નવા સભ્યો ખાસ નથી, ઉમેરાયા. વધારે ઉંડા ઉતરતા જણાયું કે જે પણ વાંચક વર્ગ છે તે આગલી પેઢીના છે – આજની પેઢીના નહીવત છે.

કારણ સ્પષ્ટ છે. જે યુવા પ્રજા ગુજરાત કે મુંબઈમાં છે તેઓને માતૃભાષા ગુજરાતી એક વિષય તરીકે શિખવવામાં આવે છે. ગુજરાત સિવાયના બીજા રાજ્યોમાં તે તે પ્રાંતોની માતૃભાષાજ ફરજીયાત છે. એટલે, ગુજરાત બહાર, ગુજરાતી બાળકને ગુજરાતી ભાષાનું જ્ઞાન મળતું નથી. તે ઉપરાંત ઉચ્ચ ભણતર મેળવવા અંગ્રેજી ભાષામાં પારંગત હોવું જરૂરી છે અને તેજ દિશામાં યુવક–યુવતીઓ આગળ વધે છે. આ પરિસ્થિતિમાં આપણા યુવા વર્ગને ગુજરાતી શિખવાનો અવસરજ નથી મળતો. આમાં તેમનો કોઈ દોષ નથી.

આપણું મુળ વતન ગુજરાતમાં છે. આપણે ગુજરાતી છીએ. આપણી માતૃષાભા ગુજરાતી છે. આપણી યુવા પ્રજાને માતૃષાભા માટે આદર અને પ્રેમ ઉપજે અને તે શિખવા ઉત્કંઠા ઉભી થાય તે માટે શું કરવું જોઈએ ?

આપના શું વિચાર છે તે લખી જણાવશો, નિયાપોમાં તે વિચારોને સમાવી લેતા અમને આનંદ થશે.

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-

(જા.ખ.)

**Prarthana, Public Notice, Commercial Advertisements in Leading Newspapers like Hindi Milap, Vartha, Deccan Chronicle, Eenadu etc. Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, DTP in Hindi, Gujrati, Telugu & English Language, Wedding Cards,**

Contact : **ATLAS ADVERTISING,** Ridesh Jagirdar - 9849988999

(જા.ખ.)

Pradeep Sanghvi 9440 60 1869
Puneet Sanghvi 92465 22721
Estd. 1987
KIRAN electronics
Industrial Electronic Components
Email: hydkiranelec@yahoo.com, www.kiranelectronicshyd.com
☎ 040-2475 0656
9, Royal Plaza, 4-6-933, Opp H. V. S. School, Sultan Bazar, Hyderabad - 500 095.

Kirti Sanghvi 93470 52966
Bhupesh Sanghvi 9440 50 3636
Estd. 1979
SANGHVI BROTHERS
Industrial Electronic Components & Tools
Email: sanghvibrothers1979@gmail.com, www.sanghvibrothershyd.com
☎ 040-2475 2518
4-3-267, Bank Street, Gujarati School Lane, Hyderabad - 500 095.

• PLA • AMPTEK • ELCOM • GILARD • OEN • PANKAJ • RUTTONSHA • PROTECTRON •
• CALONIX • SOLDRON • BEL • SOYNIA • FLUKE • MASTECH • MAXINE • MULTITEC • TAPARIA •

(જા.ખ.)

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

આ અંક આપના સમક્ષ આવશે ત્યાં સુધીમાં આપણી વાર્ષીક સામાન્ય સભાની મીટીંગ પુર્ણ થઈ ગયેલ હશે. કારોબારી સમિતિનું એક વર્ષનું કાર્યકાલ પુર્ણ થયેલ છે, વર્ષ દરમ્યાન સર્વ કાર્યોને વેગ આપવાનું પ્રયત્ન કરવામાં આવેલ છે.

નવું શૈક્ષણીક વર્ષ શરૂ થઈ ગયેલ છે, સર્વ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણીક વર્ષ માટે શુભકામનાઓ. શિક્ષણ સહાય માટેના ફોર્મ સ્વીકારવાનું ચાલુ થઈ ગયેલ છે.

શિક્ષણ સહાય અર્થે આપવામાં આવી રહેલ અપીલ મુજબ મેમ્બરો તરફથી સહાય આવી રહેલ છે, આપ પણ આ યોજનામાં જોડાઈ શિક્ષણ સહાય માટે સહભાગી બનો એવી ફરી એકવાર સૌને વિનંતી.

મહિલા સમિતિ પ્રસ્તુત કાર્યક્રમ ૭ જુલાઈના દિવસે યોજવામાં આવેલ છે, સૌ મહિલાઓને ભાગ લેવા વિનંતી.

મનોરંજન સમિતિ દ્વારા અષાઢી બીજ નિમિત્તે તા. ૫–૮–૨૦૧૮ ના દિવસે ગીત સંગીત અને હાસ્યનું એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આગામી માસમાં ભવન બુકીંગ ઓછું હોવાથી રીપેરીંગ અને અન્ય કાર્યો કરાવવાનું વિચારાધીન છે.

મેમ્બરશીપ રજીસ્ટર ચેક કરવાની પ્રક્રીયા ચાલુ છે અને મેમ્બરશીપ રજીસ્ટર અપડેટ કરવામાં આવી રહેલ છે.

સાધન સામગ્રી માટે જરૂરીયાત મુજબ સામાન લેવામાં આવી રહેલ છે, ખુરશિઓના નવા સેમ્પલ મંગાવવામાં આવેલ છે. ટુંક સમયમાં અપડેટ કરવામાં આવશે.

નોન મેમ્બર ભવન બુકીંગ માટે નવા પેકેજ દરો અમલીકરણ કરવામાં આવી ગયેલ છે, સર્વ મેમ્બરોને વિનંતી નવા પેકેજ દરોની જાણ પોતાના સર્કલમાં કરે જેથી નવી ઓફ સીઝન બુકીંગ કરી શકાય.

આ માસ દરમ્યાન નીચે મુજબનાં અનુદાન મંડળને પ્રાપ્ત થયેલ છે, સર્વ દાતા પરિવારોનો આભાર.

| | | |
|---|---|---|
| ૧) શ્રી નેમજી દામજી કક્કા પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૨) શ્રી કનુભાઈ પટેલ પરિવાર (મેનેજર–કચ્છીભવન) | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૩) શ્રી દર્શન કીશોર છેડા પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૪) માતૃશ્રી અમૃતબેન દેવશી વોરા પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૫) કવિતા કિર્તીકુમાર કાપડીયા પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૬) શ્રીમતિ મણીબેન રતનશી ગોગરી પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ |
| ૭) શ્રી કનુભાઈ પટેલ પરિવાર (મેનેજર કચ્છીભવન) | ૧૧,૦૦૦.૦૦ | માનવમિત્ર |
| ૮) શ્રીમતિ શાન્તાબેન કનુભાઈ પટેલ પરિવાર | ૧૧,૦૦૦.૦૦ | જનરલ ડોનેશન |



# KUTCHI BHAVAN

**SHRI KUTCHHI MITRA MANDAL, Hyderabad**

## Special Discounted Booking Packages for Non Members

**Avail Best Prices for**

**BIRTHDAY CELEBRATIONS**
**ANNIVERSARY CELEBRATIONS**
**ENGAGEMENT CEREMONY**
**FAMILY GET TOGETHER**
**MEETINGS & SEMINAR'S**
**SCHOOL - COLLEGE - SEMINAR'S**

**and For many more other Celebrations**

**Note : Booking's will be given 30 day's before only*.**
**(*Subject to availibility of Hall)**

## FOR 200 PAX

**Side Hall................................ Rate will be 20,000/-**

## FOR 300 PAX

**Ground Floor Main Hall ... Rate will be 30,000/-**

## FOR 500 PAX

**Ground & First Floor ....... Rate will be 45,000/-**

**NOTE : Utility Charges, Diesel Charges for Genarator & GST as applicable will be charged extra.**

**Contact : 040-2475 2383, 98497 47625, 70135 45811**

# SRI KUTCHHI MITRA MANDAL EDUCATIONAL SPONSORSHIP - APPEAL

An organization's ability to prosper is directly dependent upon its member's education, and the best way to prosper is by investing in the education of the members of our society.

"Shri Kutchi Mitra Mandal" Hyderabad has been providing educational Aid to our members since past Several Years & Sikshan Samiti is taking care of all proceeding and also providing Interest Free Loan for education. Many students have availed this Facility. Our aim is that no child of our member should forgo education for want of funds.

Mandal wants to do more and you can help by donating Rs. 11,000/- (Rs. Eleven Thousand only) per Child (Members can sponsor any number of children). Please note that your donations will go a long way in helping us to keep providing educational aid and at the same time, you will benefit by getting Tax Exemption.  We hope for your continued support for this project.

FOR FURTHER ENQUIRIES YOU MAY CONTACT :

**PANKAJ H. SAVLA - 9849747625**

**SMT. VASANTI SHAH - 9849547543**

# શ્રી કચ્છી મિત્ર મંડળ શિક્ષણ સહાય માટે અપિલ

આપ સૌ જાણો જ છો કે કચ્છી મિત્ર મંડળ હમેશા બાળકોનાં ભવિષ્યનો વિચાર પહેલાજ કરે છે. અને એમાં આપણી શિક્ષણ સમિતિ બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આગળ વધારવા માટે બનતી બધી જ કોશિષ કરે છે.

**જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે આપણને હજુ આર્થિક મદદની જરૂર છે. એ માટે કચ્છી મિત્ર મંડળ આપની સમક્ષ એક યોજના રજુ કરે છે, જેમાં એક વિદ્યાર્થીનો ખર્ચ રૂા. ૧૧૦૦૦/- છે. તો આપ સૌને વિનંતિ છે કે તમે આ યોજનામા જોડાવ અને એક વિદ્યાર્થી અથવા તેથી વધારે વિદ્યાર્થી માટે સહાય કરી આપણા સમાજનાં બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.**

આ યોજનામાં યોગદાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલ સભ્યોથી સંપર્ક કરવા વિનંતિ.

**પંકજ હિરજીભાઈ સાવલા – ૯૮૪૯૭ ૪૭૬૨૫**

**વાસંતી અરવિંદભાઈ શાહ – ૯૮૪૯૫ ૪૭૫૪૩**

SINCE 1969

GAJANAN
COMMITTED TO QUALITY

GAJANAN RICE

Our Rice... Gajanan Rice...
Now Available in HYDERABAD

A FSSC - 22000 Certified Unit
First Unit in Non-Basmati Segment in India

Our Range Contains :



Only Gajanan !!!

SREEJI TRADERS
# 3-3-865, Shop No. 2, Lane Opp to Arya Samaj Mandir, Kutbiguda, Hyderabad - 500 027. Contact : 040-24657584, 98491 74116

(જા.ખ.)

Gajanan Rice !!! You don't have to believe, you can TRUST...

Yummy Tummy Dhaba

Chinese | North Indian

Veg. Dum Biryani 60/-

Dal Rice 60/-

# 4-4-930/A, Opp. Hanuman Vyayam Shala High School, K S Lane,
Beside Royal Plaza, Sultan Bazar, Hyderabad - 500095 (T.S.)

Chintan Shah
Cell: 9985098895

Pure Vegetarian
Hygenic
Delicious

(જા.ખ.)

We undertake Party Orders

## મનોરંજન સમિતિ

સંચાલક : પ્રતાપ જીલુભાઈ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨

મનોરંજન સમિતિ પ્રસ્તુત કરે છે...

અષાઢી બીજ નિમિત્તે



ગીત સંગીત અને હાસ્ય થી ભરપૂર કાર્યક્રમ

# ''દીલને ફીર યાદ કીયા''



પ્રસ્તુત કરશે અમદાબાદથી પધારનાર કલાકારો
આતીષ સૂરાની અને ભગીરથ ભટ્ટની ટીમ

# 'સાઝ મ્યુઝીક'

સ્પેશીયલ આકર્ષણ : A Tribute to MD. RAFI

## સાથે રહેશે નવા અને જૂના હિન્દી અને ગુજરાતી ગીતોની રમઝટ – જુગલબંદી – પરેડી વગેરે...

**રવિવાર, તા. ૫–૮–૨૦૧૮**

**સમય : સાંજના ૬.૦૦ વાગ્યાથી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ**

કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
સ્પોન્સરશીપ આવકાર્ય છે.

વધુ વિગત અને માહિતી માટે સંપર્ક :

**પંકજ હીરજી સાવલા–૯૮૪૯૭ ૪૭૬૨૫**

**પ્રતાપ જીલુભાઈ જાડેજા–૯૯૫૯૯ ૪૪૮૨૨**


Master
Maths Brain
Home Tuitions One to One Teaching
SPECIAL
OFFER PRICE
1499/-
Classes :
1st to 10th
Subject :
All
Speciality :
VEDIC Maths
Benefits of VEDIC :
Fast Calculation by simple formulae
Higher marks in Maths and Science
Removing Phobia of Mathematics
Self Reliant & Self Confident Child
Mission
Free Demo Class
Affordable Fee Structure
Flexible Timings
Syllabus + Revision + Test
Regular & Weekend Batches
Excellent Academic Support
Encouragement and Motivation
Small Group Sessions
3-4-484/1 302, 3rd Floor, MBR Residency, Street No 9, Opp. Reddy
Women's College, Narayanguda, Hyderabad - 500029 (Telengana)
Hiloni Shah - 97 252 90 233 / 97 000 27 074

(જા.ખ.)

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : લહેરચંદ ટોકરશી લોડાયા
ફોન : ૯૨૪૬૫ ૩૧૦૬૬

.

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| તલકશી કુંવરજી પાસડ | ૫૦૦ | ૫૦૦ | ૧૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| સ્વ. ભીમશી ડુંગરશી સાવલાના સ્મર્ણાર્થે હ : હરીલાલ ભીમશી સાવલા | - | - | ૧ | - | - | - |
| સ્વ. અમૃતબેન દેવશી વોરાના સ્મર્ણાર્થે હ : નરેન્દ્ર તથા મહેન્દ્ર દેવશી વોરા | - | - | ૨ | - | - | - |
| નિશા હરીષ ગાલા | - | ૨૦૦૦ | - | - | - | - |
| ઝવેરબેન નાનજી ગાલા | - | ૫૦૦ | - | - | - | - |
| જિનેશ પંકજ દેઢિયા | - | ૫૦૦ | - | - | - | - |

શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈના જન્મદિન નિમિત્તે રૂા. ૧,૫૧,૦૦૦ ડાયાલીસીસ અમરતિથી માટે ભેટ – હ. સર્વ શ્રી હિતેન મણીલાલ સંઘોઈ અને કિરણ મણીલાલ સંઘોઈ.

નોંધ : ગત નિયાપોમાં લોડાયા ભાવિક મંડળ તરફથી ગોશાલા માટે રૂા. ૨૧૦૦/– છપાયેલ છે જે સુધારીને રૂા. ૨૯૦૦/– વાંચશો.

**ઉપરોક્ત દાતાઓને તેમના અનુદાન માટે આભાર...**

## શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

**શ્રી શાંતિવન સમિતિ એક ધમાકેદાર કાર્યક્રમ આપવાની તૈયારી કરી રહેલ છે. વિગત માટે આવતો નિયાપો જોશો.**


**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

20 Days Medicine only Rs. 499/-

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

Ph : 9395347264, 9392418463, 040-27564183

(જા.ખ.)

CA Dipti Chheda's

# CONCEPT CLASSES

*Celebrating Successful 17 Years*

*Conceptual Teaching - The way towards Excellence.*

**FOR COMMERCE & CA COACHING**

# 11th & 12th MATHS & ACCOUNTS BATCH

*(WITH SPECIAL EMPHASIS ON MATHS FORMULAE'S, ACCOUNTS CONCEPT FOR BOARD EXAMS & OVERALL PERSONALITY DEVELOPMENT)*

# CA FOUNDATION & CA IPCC FOR NOV 18 EXAM

(જા.ખ.)

- **Regular batch for 11th & 12th and IPCC group 2 starting on 1-6-2018**
- **CA Foundation / CPT Batch started.**
- Daily home work checking & revision classes before exam.
- Weekly chapter wise class test with detailed suggested answers.
- Limited students per batch.
- AC classroom with Library & Reading Room facility available.
- **Regular Self grooming sessions on Public Speaking, Etiquette, Building Self Confidence...**

## Contact : 9394393770

**Address: CONCEPT CLASSES, Opp.Agra sweets, Nallakunta OU Road, Hyderabad. E Mail: chheda.dipti@gmail.com**

For any doubt or clarification for any subject click photo and send us on above contact, we will resolve the query for you. For any guidance and counselling please meet between 5pm to 7pm with prior appointment.

# શિક્ષણ સમિતિ

સંચાલિકાઃ શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

જરૂરતમંદ વિદ્યાર્થિઓ માટે શૈક્ષણિક સહાય આવેદન પત્ર (Applicaction Form) તા. ૧-૦૬-૨૦૧૮ થી કચ્છી ભવનની ઓફીસથી આપવામાં આવશે.

સંપૂર્ણ વિગત ભરેલ આવેદનપત્ર સાથે આપે ભરેલ ઘરનું છેલ્લુ ઈલેક્ટ્રિક બીલ આપવાની તારીખો નીચે મુજબ છે.

૧) ધોરણ ૧૨ સુધી – ૧ જૂન ૨૦૧૮ થી ૩૧ જુલાઈ ૨૦૧૮
સમય ૯.૩૦ થી ૧૧.૦૦ સવારે

૨) ડીગ્રી અને ઉપર – ફક્ત ૪, ૫, ૧૧, ૧૨, ૧૮, ૧૯, ૨૫ અને ૨૬ ઓગસ્ટ ૨૦૧૮
સમય ૯.૩૦ થી ૧૧.૦૦ સવારે

ખાસ નોંધ : ડિગ્રી અને ઉપરના વિદ્યાર્થિઓએ વાલી સાથે સ્વયં આવવાનું જરૂરી છે.

Educational Aid Applications for Needy Students are available at Kutchi Bhavan's Office.

Please fill up the details, attach latest electricity bill and latest passed exam result copy and submit the form as under :

1) Upto Class 12th - 1st June to 31st July, 2018
Time 9.30 to 11.00 am

2) Degree & Above - Only on 4th, 5th, 11th, 12th,18th, 19th, 25th & 26th August 2018
Time : 9.30 to 11.00 am

Please note degree and above students have to submit forms in person along with any one parent.

---

**3 Bedroom furnished Flat for Sale in Ramkote (Vegetarians Only)**

**Contact : 77023 36161**

(જા.ખ.)

# મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫




## You are Invited

**રવિવાર તા. ૭-૭-૨૦૧૮**
**સાંજે ૫.૦૦ વાગ્યાથી**
**કચ્છી ભવન, હૈદરાબાદ.**

*Come Dressed in Your Best*

આ હરિફાઈને સુપરડુપર રેસ્પોન્સ મળેલ છે. એ બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર. આ પ્રોગ્રામ દરમિયાન બ્યૂટી પેજેંટ સાથે દર્શકો માટે ઘણાજ સરપ્રાઈઝ ગિફ્ટ્સ આપવામાં આવશે.

### For Competition

| Wardrobe Partner | Jewellery Partner |
|---|---|
| **Pooja Sarees** | **Mahaveer Pearls** |
| *Designers :* | *Designers :* |
| *Ram Agarwal & Nidhi Agarwal* | *Alpa Desai & Kamal Desai* |

*Pooja Sarees are...*

- *Had been Sponsorers for Bollywood Actressess like Tamanna Bhatia, Kareena Kapoor, Karishma Kapoor, Hema Malini & Many Many more...*
- *Apparel partner for International Show Miss India International & Mrs. India International.*
- *President of India Pranav Mukherji & Family have visited Pooja Sarees Show Room.*

*Mahaveer Pearls are...*

- *One of the main Jewellery Designer Studio in Twin Cities.*

*We are Lucky to have them as our Wardrobe & Jewellery Partners.*

# મહિલા સમિતિ

# This Grand Event is Supported by

## POOJA SAREES

- Mahaveer Pearls
- Sw. Prabhavati Chimanlal Gala
- Pratap Jadeja
- Vishal Cut Piece
- Aarti Sarees
- Bigshot World
- Dressland
- Abha Beauty Parlour
- Bhavesh Novelties
- Sua Gifts
- Aditi Marketing
- Natural's Saloon
- Abhinav Enterprises
- Kinnari M. Savla
- Jyoti M. Mota
- Grishma Arts
- Sweetu M. Dedhia
- Happy Moments
- Meenakshi M. Dharamshi
- Preeti R. Mamania

**આ પ્રોગ્રામમાં અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.**
**૫.૧૫ વાગ્યા પછી આવનારને રૂા. ૩૦ આપીને ફુડ કુપન લેવાના રહેશે.**
**૬.૦૦ વાગ્યા પછી ફુડ કુપન આપવામાં આવશે નહીં.**

*Team :*

*Darshna P. Savla*

*Sweta P. Jadeja* *Kusum P. Rambhia*

*Karishma S. Mota* *Bhavya Gosar*

## સંસ્થા સમાચાર

કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ હૈદરાબાદ પ્રસ્તુત રમતોત્સવ ૨૦૧૮ રમતગમતનો ઈવેન્ટ જે ઓગસ્ટ માસમાં રાખવામાં આવેલ તે અનિવાર્ય સંજોગોનાં કારણે મુલત્વી રાખવામાં આવેલ છે.

### જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| પુત્રી જન્મ | હેના તરૂણ કાંતીલાલ પાસુભાઈ સાવલા | મોથારા, કચ્છ | USA |
| મૃત્યુ નોંધ | માતુશ્રી અમૃતબેન દેવશી વોરા, ઉ.વર્ષ ૮૧ | મુન્દ્રા | હૈદરાબાદ |


abha
be gorgeous

Ladies Beauty Parlour
&
Makeup Studio
by Bhavini Patel

Address : 3-4-58/2, Opp. Raghavendra Temple,
Kachiguda, Hyderabad - 500 027. Ph : 99081 83870

(જા.ખ.)

નવકાર સ્ટોર્સ (ઉંઝાવાલા)
ઊંઝા નુ પ્રખ્યાત મશીન ક્લીન :
જીરૂ, વરીયાળી, સુવા, તલ, અલસી, મેથી, રાઈ, હીંગ,
ધાણા દાળ, અજમો તથા ધાણા વગેરે મળશે.
સેકેલી સુવા, વરીયાળી, તલ ના ઓર્ડર લેવામાં આવશે.
હળદર મરચું ધાણા પાવડર અને ખાખરા મળશે.
સ્થળ : ચૈતન્ય પુરી જૈન મંદિરની સામે, મારૂતિનગર, કોતાપેટ, હૈદ્રાબાદ
ફોન : અરૂણા ધરમશી - ૭૦૧૩૬ ૯૦૧૨૭
નરેશ ધરમશી - ૯૯૧૩૯ ૭૨૮૦૦, ૭૯૯૦૮ ૭૪૫૯૪

(જા.ખ.)

NAVKAR STORES (Unjhawala)
Unjha's Famous Machine Clean Spices:
Opp. Jain Temple, Chaitanyapuri, Maruti Nagar, Kothapet, Hyderabad.
Ph : Aruna Dharamshi - 70136 90127, Naresh Dharamshi - 99139 72800, 79908 74594

## સભ્યપદ સમિતિ

સંચાલક : શ્રી રાજુભાઈ ખીમજી મામણીયા
મો : ૯૮૮૫૦ ૩૩૦૫૦

સવિનય જણાવવાનું કે સભ્યોનાં મેમ્બરશીપ લીસ્ટ અપડેટ કરવામાં આવેલ છે. નવા મેમ્બર બનાવવાનું વિચારાધીન છે. કારોબારી સમિતિમાં નક્કી થયા બાદ નિયાપો દ્વારા જાણ કરવામાં આવશે.

વિશેષમાં જણાવવાનું કે બંધારણનાં આર્ટીકલ નંબર – ૭ ક્રમાંક ૧૦ માં મંડળનો સભ્ય એક વર્ષથી ત્રણ વર્ષની મુદત માટે મંડળના કાર્યક્ષેત્રથી બહાર જાય, તો તેણે મંડળને તેની લેખિત જાણકરવાની રહેશે અન્યથા તેમનું સભ્યપદ રદબાતલ ગણાશે, અને ત્રણ વર્ષની ઉપર મંડળના કાર્યક્ષેત્રથી બહાર રહેતા તેઓનું સભ્યપદ રદબાતલ ગણેશે.

पेड़ लगाओ देश बचाओ,
पेड़ लगाओ जीवन बचाओ,
जीवन खुश हाल बनाओ





## GALA PICKLES



સીઝન હોય કે ન હોય અમારે ત્યાં શુદ્ધ અને સાત્વિક રીતે તાજા ઘરે બનેલા કેરીના અથાણા અને ટમેટા ચટણી વગેરે અમારે ત્યાં બારે માસ મળશે.

- કેરીનો અથાણો લસણ વાળો અને વગર લસણનો
- છુંદો, ગોળ કેરી, ગુંધા કેરી, ટમેટા ચટણી, આથેલા મરચાં વગેરે મળશે
- થેપલા ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

Contact : **Sonal J. Gala - 9291336291**

(જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાદ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો

(જા.ખ.)

**Pick up & Drop**

## CHERIAN NATIONAL

**Motor Driving School** **(ESTD. 1962)**

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09
(જા.ખ.)

# વિવિધા

## સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન છે એ સાચું ?

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

આપણી ધારાવાહિકોમાં દર્શાવાતી વેમ્પ સ્ત્રીઓ હકીકતમાં હોય છે ખરી ?

અહીં યાદ આવે છે એક કિસ્સો જેમાં પ્રોફેશનલ મહિલા બીજી મહિલાને આગળ ન આવવા દેવા માટે દરેક પ્રયત્નો કરતી હતી. એટલે સુધી કે તેને નોકરીમાંથી પણ કઢાવી મૂકી. પુરૂષોને સતત બોલવાનો મોકો મળે છે કે સ્ત્રીઓ જ સ્ત્રીની દુશ્મન છે અમે તો કશું જ કરતા કે કહેતા નથી. વાત સાચી ય છે તેમણે હવે સ્ત્રીની માનસિકતા બદલી નાખી છે. સ્ત્રીએ કેવાં દેખાવું જોઈએ, આકર્ષક હોવું જોઈએ, તેણે ઘરનાં કામોને અને પરિવારને પ્રાધાન્ય આપવું જોઈએ વગેરે... જેથી પુરૂષોને ગમે એવી સ્ત્રી બનીને રહી શકાય. પુરુષોની પરિક્ષામાં પાસ થનારી સ્ત્રી સફળ એવી માન્યતામાંથી આપણે બહાર આવવું પડશે.

અસલામતીની ભાવના સ્ત્રીના મનમાં ઊભી કરવા માટે પિતૃસત્તાક સમાજ જવાબદાર છે. અસલામતીની સામે પોતાની સત્તા જાળવવા માટે દરેક સ્ત્રી પ્રયત્ન કરે. જે સ્ત્રીના મનમાં અસલામતી નથી હોતી તેને પોતાનું વ્યક્તિત્વ હોય છે. તેણે બીજાની ઈર્ષ્યા કરવાની જરૂર નથી લાગતી અથવા જેને અસલામતી નથી લાગતી તેને ક્યારેય બીજી સ્ત્રીઓથી ભય નથી લાગતો. આ સ્ત્રીઓ બીજી સ્ત્રીને પાડવાનો કે તોડવાનો પ્રયત્ન નહીં કરે, પણ બીજી સ્ત્રીની પડખે ઊભી રહેશે. સ્ત્રીને સ્ત્રીની સામે હરીફાઈમાં મૂકવાના કારસો પણ રચાય છે. આપણે મહિલાઓએ જાગૃત રહીને આપણા વિકાસની ગાથા લખવી પડશે.

આ મહિલા દિન ખરી રીતે તો જ ઉજવ્યો કહેવાય જો આપણા મનમાં બીજી સ્ત્રી માટે કોઈ ઈર્ષ્યા કે હરીફાઈ હોય તો તેનાથી મુક્ત થઈને સિસ્ટરહૂડ એટલે કે સ્ત્રીઓ ખારા અર્થમાં એક થઈ એકબીજાની પડખે ઊભી રહે અને વિકાસ કરે. આપણે આત્મખોજ કરવી પડશે કે મહિલાઓની સ્થિતિ આજે પણ કેમ બદલાતી નથી.

SHYAM CARPENTER
We do all kinds of carpentry works - Small or Big
CONTACT : +91-99858 78116
(જા.ખ.)

For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Printing
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999
(જા.ખ.)

# RUDHAV BOUTIQUE

તમે સોચો અમે સાકાર કરીશુ, નવા રૂપમાં આપની સમક્ષ આવી રહ્યો છે. આજના ફેશન મુજબ સગાઈ રીંગ ટ્રે, નારિયલ, ગીફ્ટ આઈટમ, આણા પેકીંગ, with Shayri તેમજ લગ્નમાટે પેકિંગ કરી આપીશું. છાબમાટે ટ્રે અને ડોલી ભાડાથી મળશે.

**સાથે સાથે, ડીઝાઈનર સાડી, બ્લાઉજ, ડ્રેસેસ, ચણીયા ચોળી, ગાઉન સ્ટીચીંગ, મેચિંગ હેંગિગ, બટવા મોબાઈલ કવર Design વાળા કરો આપીશું. Travelling Kit પણ ઑર્ડરથી કરી આપીશું.**

(જા.ખ.)

**MADHURI M. HENIYA - 99516 45020**

**JAI MAHAVEER**

We serve all your water proofing needs with utmost care and with a warranty period of 2 years.

Renovate your old / new house, flats, factory and godowns etc. by getting them water proofed. We also carryout painting assignment, with your choicest colours to give immaculate, bright and attractive look.

Leakage of terrace, side walls, toilets, bathrooms, living rooms and bedroom etc. is carried out by our expert and professional workers along with nano technology produtcs.

Since monsoon is approaching very fast we just give you a wake up call to get the right things in right time.

Contact :

**Vardhaman D. Shah - Ph : 98853 41835**

**C/O. NAMAN CONSTRUCTIONS & SOLUTIONS**

(જા.ખ.)

# પ્રાર્થના કરવી કે ન કરવી !

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

પ્રાર્થનાની શક્તિ વિશે વિજ્ઞાન ખૂબ ઓછું જાણે છે. આજે પણ લોકોને પ્રાર્થનાની શક્તિનું વધારે જ્ઞાન નથી. જો વિશ્વના બધાં લોકો મળીને એક જ સ્થાન પર, એક જ સમયે, એક સાથે, બે મિનિટ પ્રાર્થના કરે તો વિશ્વયુદ્ધ પણ રોકી શકાય છે. આ બે મિનિટની પ્રાર્થના પણ મોટું કામ કરી શકે છે, જેની કોઈ કલ્પના નથી કરી શકાતી. એક પ્રાર્થના વિશ્વની સંપૂર્ણ સમસ્યાઓને સમાપ્ત કરી શકે છે એટલા માટે તે મનુષ્ય માટે, જેને મૃતક માની લેવામાં આવ્યો છે, બધાં લોકો મળીને પ્રાર્થના કરો.

જ્યારે લોકો એક સાથે મળીને પ્રાર્થના કરે છે તો તે પ્રાર્થનામાં અસીમ શક્તિ હોય છે. સૌના હળેલ-મળેલ એકાગ્રિત વિચાર તેમજ ભાવ, મૃત મનુષ્યમાંથી અજ્ઞાન, નફરત, મુશ્કેલી તથા અહંકારને પૂરી રીતે હટાવી શકે છે.

સામૂહિક પ્રાર્થનાની શક્તિ વિલક્ષણ હોય છે. એમાં સામૂહિક બળ, સામૂહિક શક્તિ, સામૂહિક સંબંધ અને સામૂહિક ભાવના પ્રબળ તરંગો હોય છે, જે લગાતાર વધતી જાય છે અને વિકસિત થવાં લાગે છે. જે બધાં વાયુમંડળને તે ભાવોથી ઓત-પ્રોત કરી દે છે. આવા વાતાવરણમાં ભેદભાવ, દુર્વાસના અને નાસ્તિકતાના ભાવ મૂળમાંથી નષ્ટ થઈ જાય છે. તેની જગ્યાએ ભાઈચારો, પ્રેમભાવ, બંદગી, એકતા અને તે જ આસ્તિકતાના ભાવોનો ઉદય થાય છે. એટલા માટે કોઈના મૃત્યુ પછી એકઠાં થઈને પ્રાર્થના કરવી ઘણું મહત્વ રાખે છે.

શોક સભા ક્યારે કરવી, ક્યારે ન કરવી

આવી પ્રથા, જેમાં લોકો મૃત મનુષ્ય માટે શોક સભા કરે છે, લગભગ બધાં ધર્મોમાં થાય છે. બીજાની સાથે મળીને પ્રાર્થના કરવી અને બીજાઓ માટે પ્રાર્થના કરવી શુભ છે, એમાં મન શુદ્ધ થાય છે.

જ્યારે શોક સભા રાખવામાં આવે છે અને બધાં લોકો એકઠાં થઈને મૃતક માટે પ્રાર્થના કરે છે તો સામૂહિક પ્રાર્થનાની શક્તિ કામ કરે છે. એટલા માટે શોક સભા રાખવામાં આવે છે અને આવી શોક સભાનો સૂક્ષ્મ શરીરને લાભ જ થાય છે. પરંતુ જો કોઈ ગુજરી ગયું છે, બધાં લોકો એકત્ર થઈને ત્યાં બેસે છે, પરંતુ કોઈપણ પોતાના ધંધાની જ વાતો વિચારી રહ્યા છે. ભીડ ફક્ત એટલા માટે એકઠી થઈ છે કારણ કે તેઓ વિચારે છે કે આવું કરવું જરૂરી છે. જો લોકો શું કહેશે આવા ભયથી લોકો ત્યાં બેસે છે અને કોઈનો પણ ભાવ પ્રાર્થના તેમજ પ્રેમનો નથી, ફક્ત ઔપચારિક્તા નિભાવવા માટે બધાં લોકો આવેલાં છે તો આવી શોક સભાનો કોઈ અર્થ નથી.


દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઇમ-હેલ્થ ઇન્સ્યુરેન્સ માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઇન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી (જૂની)
સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯



# राधे कृष्णा ज्योतिष
# माँ आशापुरा की कृपा



**कठिन से कठिन समस्याओं का समाधान तुरन्त घर बैठे करवाए ।**

**डबल गोल्ड मेडल विजेता, ज्योतिष**

## ALL INDIA, USA CANADA, AUSTRALIA, U.K. Famous Astrologer

जन्माक्षर, लग्न, संतान, प्रेमलग्न, मनपसन्द, सगाई, प्रेमीवश, बिजनेस में नुकसान, होटल मोटल और व्यवसाय में नुकसान, शत्रुनाश, सास वहु त्रास, पति-पत्नी में अनबन, सौतन मुक्ति, लव प्रोब्लम, आकर्षण प्रयोग समस्याओं का स्पेशालिस्ट ।

(आपकी बात गुप्त रहेगी)

नोटः सहामोहिनी, तलाक, सौतन मुक्ति और मुढचोट के स्पेश्यालिस्ट

*नकल खोरो से सावधान*

मेने किया हुआ काम कोई तोडे तो मुहँ माँगा ईनाम

नोट : निराश भाई बहन अवश्य सम्पर्क करें

नोट : विदेश में बैठे लोग के लिए टपाल, कुरीयर और फोन पर घर बैंठे काम कर दिया जाएगा ।

**मो : 99672 39033, 86968 95014**

## વડિલો જલસાથી જીવો

## जीने की असली उम्र तो साठ है

સંકલન : રમેશ એમ. શાહ

અરે મુકો માથાકૂટ,
ભૂલી જાવ એમને જેણે તમારું દિલ દુભાવ્યું,
મુકો એવાઓને તડકે જે સતત તમારી ઈર્ષ્યા જ કરે છે,
કોઈની બળતરા કરવાની જરૂર નથી,
કોઈની માફી માંગી લો અને કોઈને માફ કરી દો.
ક્યાં જવું છે અભિમાન રાખીને ? સ્વાર્થી સંબંધો હોય તો એને પરિસ્થિતિ પર જ છોડી દો.
તમારી જોડે કોઈએ ખરાબ કર્યું હોય તો હિસાબ ઉપરવાળાને કરવા દો
તમે બસ ફુલઓન મજા કરો,
બીજાં શું કહેશે એ વિચારવાનું છોડીને ટેસડો કરો
મજાથી શોખ પૂરાં કરો,
ઉમર સામું ના જોવો,
નાઈટઆઉટ કરો,
વરસાદમાં હડી કાઢી નાવ,
ઘરમાં કોઈ ના હોય તો લાઉડ મ્યુઝિક રાખી ખુલીને નાચો,
ભાવતી જમવાની અલગ અલગ ડીશ ટ્રાય કરો,
દૂર દૂર રખડવા જતાં રહો,
જોવાયું એટલું જોય લો,
ફીર લો,
બસ દિલ ખોલીને જીવાય એટલું જીવો.

કોઈને નડીએ નહીં એટલે ઘણું,
બાકી હંમેશ અન્યના સર્ટિફિકેટ્સ પર જીવવું જરૂરી નથી.
થોડું ખુદની મરજી મુજબ પણ જીવો અને માણો
માંડ ઉપરવાળાએ મનુષ્યદેહ આપ્યો છે
આ જન્મના કર્મ કોઈ કદાચ કોન્ટ્રેક્ટ રીન્યુ ના પણ કરે
માટે જલસાથી જીવો
મરો ત્યારે ચિચિયારીઓ સાથે કોઈ બોલવું જોઈએ કે

*"Well Played Boss"*

बुढापे में ही असली ठाठ हैं ।
न बचपन का होमवर्क,
न जवानी का संघर्ष,
न 40 की परेशानियां,
बेफिक्रे दिन और सुहानी रात है ।
जीने की असली उम्र तो साठ है ।

बुढापे में ही असली ठाठ है ।
न स्कूल की जल्दी,
न ऑफिस की किट किट,
न बस की लाइन,
न ट्रैफिक का झमेला,
सुबह रामदेव का योगा,
दिनभर खुली धूप,
दोस्तों यारों के साथ राजनीति पर चर्चा आम है
जीने की असली उम्र तो साठ है ।

बुढापे में ही असली ठाठ है ।
न मम्मी डैडी की डांट,
न ऑफिस में बॉस की फटकार,
पोते-पोतियों के खेल,
बेटे-बहू का प्यार,
इज्जत से झुकते सर,
सब के लिए आशीर्वाद और दुआओं की भरमार है ।
जीने की असली उम्र तो साठ हैं ।

बुढापे में ही असली ठाठ है ।
न स्कूल का डिसिप्लिन,
न ऑफिस में बोलने की कोई पाबंदी,
न घर पर बुजुर्गों की रोक टोक,
खुली हवा में हंसी के ठहाके,
बेफिक्र बातें, किसी को कुछ भी कहने के लिए आजाद हैं ।
जीने की असली उम्र तो साठ है ।
बुढापे में ही असली ठाठ है ।

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ–વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

સ્પેશીયલ અડદિયાપાક
સ્પેશીયલ ખજુર પાક

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

PRAVIN CHHEDA
89857 59320, 82477 89295

(જા. ખ.)

# સીનીયર સીટીઝનનું સ્વરાજ



સીનીયર સીટીઝન હોવું એ એક એવો વૈભવ છે. જે ઘણું ખરું વેડફાઈ જાય છે. વૈભવ શેનો ? જીવનમાં બે બાબતો ઓછી પડે ત્યારે માણસનું ખરું સુખ નંદવાય છે. સમય અને અવકાશ સીનીયર સીટીઝન પાસે મબલખ હોય છે અને અઢળક અવકાશ હોય છે. સમય અને અવકાશના આવા બેવડા વૈભવને લોકો મોકળાશ કહે છે. મોકળાશનો માલીક દુખી શી રીતે હોઈ શકે ? દુખી હોય છે, કારણ કે મોકળાશનું શું કરવું તેની ખબર એને નથી હોતી મોકળાશ જેવી જણસને વેડફી મારવી એ ઘણાખરા વૃદ્ધોને વળગેલો માનસીક રોગ છે. મોકળાશમાં યોગની શક્યતા પડેલી છે. યોગને બદલે રોગ ગોઠવાઈ જાય તે માટે જવાબાદર કોણ ? સીનીયર સીટીઝન પોતે.

ઘણાખરા સીનીયર સીટીઝનોને ગૃહદશા નહીં આગૃહદશા નડતી હોય છે. શંકરાચાર્ય કહી ગયા કે બુદ્ધી ખીલે તેનું નામ અનાગ્રહ છે. સીનીયર સીટીઝનના કેટલાક આગ્રહો નવી પેઢીને પજવનારા હોય છે. જેમ ઉમર વધે તેમ આગ્રહો પણ ઉમરલાયક બનીને થીજી જાય છે. આગ્રહ પોતાને માટે ભલે રહ્યો. પોતાના આગ્રહો બીજા પર લાદે તે મુર્ખ છે. મુર્ખતા પણ ખાસ્સી સીનીયર હોઈ શકે છે. દીકરાવહુને પોતાનો અભીપ્રાય એકવાર આપી દીધા પછીનું મૌન દીવ્ય હોય છે. સામેવાળી વ્યક્તી ગમે તેટલી નાની ઉમરની હોય તોય તેને વણમાગી સલાહ ન આપવામાં વૃદ્ધત્વની અનેરી શોભા પ્રગટ થાય છે. જે વયોવૃદ્ધ સીટીઝન મફત સલાહ કેન્દ્રનો માલીક હોય તે દુખી થવા સર્જાયેલો જીવ છે. ભગવાન પણ તેને સુખી ન કરી શકે.

માણસને મળતી મોકળાશ ગાભણી હોય છે. ઉત્તમ કાર્ડ કંપની, નાટકો, શીલ્પો, ચીત્રો, ફીલ્મો, ગીતો અને કલાકૃતીઓ માનવજાતને મળ્યા તે માટે સર્જકોને પ્રાપ્ત થયેલી મોકળાશનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. કવી વોલ્ટ વ્હીટમન પોતાને ભવ્ય આળસુ (મેગ્નીફીસંટ આઈલર) તરીકે ગૌરવભેર ઓળખાવતો નોબેલ પારીતોષીક વીજેતા કવી પાબ્લો નેરુદા પોતાનાં સંસ્મરણો પર લખેલા પુસ્તકમાં નવરાશનો મહીમા કરે છે અને ત્યાં સુધી કહે છે કે સમય વેડફવા જેવી સુંદર બીજી કોઈ ચીજ નથી. અહીં સમય વેડફવાની વાત સાથે મોગળાશનું સૌંદર્ય કેન્દ્રમાં રહેલું છે. ઘણા સીનીયર સીટીઝન્સ મોકળાશનો સ્વાદ ધરાઈને માણે છે. એ સ્વાદનું રહસ્ય એમના મીજાજમાં રહેલું છે. એ મીજાજ એટલે સ્વરાજનો મીજાજ. સ્વરાજનો મીજાજ એટલે શું ? હવે હું કોઈને જવાબ આપવા બંધાયેલો નથી. એવી દાદાગીરીમાં દાદાની ખરી શોભા પ્રગટ થાય છે. સ્વતંત્ર હોવું એટલે જ પોતાની મરજીના માલીક હોવું. મરજીની ગુણવત્તા એટલે જ જીવનની ગુણવત્તા. માણસે પોતાની મરજીને માંજી માંજીને શુદ્ધ કરવી રહી. મરજીના માલીકને, માલીકની મરજી પર શ્રદ્ધા હોવી જોઈએ. સીનીયર સીટીઝનના સ્વરાજનું આ રહસ્ય છે.

જે વડીલોને સાહીત્ય, સંગીત, સત્સંગ, સમાજસેવા, પ્રવાસ કે પ્રેમ જેવી બાબતોમાંથી કોઈ એક સાથે પણ નીસ્બત ન હોય તેમણે દુખી થવાની પુરી તૈયારી કરી લીધી છે એમ કહી શકાય. નવરાશ એટલે કર્મશુન્યતા નહીં, પણ મનગમતા કર્મની સમૃદ્ધી. વડીલોએ વારંવાર પોતાની જાતને પુછવા જેવો પ્રશ્ન છે, મારો માહ્યલો શેમાં રાજી ? જે કર્મ કરતી વખતે હેત અને હરખનો અનુભવ થાય તે કર્મ કરવું અને બીજું ફાલતું કર્મ ટાળવું એ તો પાછલી ઉમરની વિશેષાધીકાર ગણાય. જે વડીલ કોઈના કામમાં ટકટક ન કરે તે વડીલ પોતાના કામમાં બીજાની ટકટક નહીં સહન કરવાનો અધીકાર પ્રાપ્ત કરે છે. **(Contd...)**

# GENIUS MINDS

*Strengthen the Inner Power*

## NLP - NEURO LINGUISTIC PROGRAMMING

Every child is born with unlimited mind power but fails to utilize it because they don't understand how to use the power of their subconscious Mind. With NLP, We make them learn how to use their mind power to achieve success and growth.

NLP is the only technologyh available that can explain how our mind works and how to use it in a systematic and effective way.

WHY NLP ?

- To develop Positive thoughts and Actions
- To buildself - confidence & self - discipline
- To overcome fear & shyness
- To becoming a Team player

TAINING HIGHLIGHTS

- Full Brain Development
- Neurological Exercises
- Mind & Body co-ordination exercises
- Subconscious Mind Activation
- Developing five senses
- Memory enhancement techniques
- Develop focus & concentration
- Etiquette & Manners
- Posture correction

Age Group : 5-12 years (Class : 1-8)

**Contact : POOJAN SAIYA / 80746 91512**

geniusminds18@gmail.com


(Contd...)

આ દુનીયા આપણી કલ્પના પ્રમાણે ચાલે એવી ઈચ્છા રાખવી એ પણ એક પ્રકારની નાસ્તીકતા ગણાય.સમગ્ર જીવન કેવળ પૈસા એકઠા કરવામાં જ વીતી ગયું હોય, તો પાછલી ઉંમરે દુખનુ ડીવીડંડ મૃત્યું સુધી મળતું જ રહે છે. નોકરી છુટી જાય પછી જે ખાલી થેલી જેવા બની જાય, તેઓ નોકરી ચાલુ હતી ત્યારે પણ ખાલીખમ જ હતા. એમને એ વાતની ખબર ત્યારે ન હતી, તે જુદી વાત છે.

સીનીયર સીટીઝનના સુખનો ખરો આધાર પગ ઉપર રહેલો છે. આપણે ત્યાં જે માણસ કમાણી કરતો હોય તેને માટે કહેવામાં આવે છે કે એ પોતાના પગ પર ઊભો છે. જેના પગ સાબુત તેનું ચાલવાનું સાબુત જે ચાલવાનું રાખે તેને કકડીને ભુખ લાગે. કકડીને લાગતી ભુખ પછી જે ખવાય તે અન્ન પચી જાય છે. અન્નવૈભવનું ખરુ રહસ્ય ભુખવૈભવમાં સમાયું છે. જે સીનીયર સીટીઝન રોજ પાંચ કીલોમીટર સ્ફુર્તીથી ચાલે, તેને ભુખવૈભવ સાથે થાકવૈભવ પણ પ્રાપ્ત થાય. થાકવૈભવ પ્રાપ્ત કરનારને ઉંઘવૈભવ પણ આપોઆપ મળે છે. ભુખવૈભવ, થાકવૈભવ, અને ઉંઘવૈભવ પ્રાપ્ત થાય તેને સ્ફુર્તીવૈભવ મળી રહે છે. સ્ફુર્તી છે તો જીવન છે. જીવન છે તો જીવવાનો આનંદ છે. આનંદનું ઉદ્‌ઘાટન પગના સદુપયોગ થકી થતું હોય છે. પગ વડે પરમેશ્વર સુધી પહોંચવાનું છે. લોકો પથારી થકી પરમેશ્વર સુધી પહોંચવાની પેરવી કરતા હોય છે. એક વડીલ પંચાણું વર્ષે મૃત્યુ પામ્યા ત્યારે દીકરાની વહુ બોલી, પપ્પા સવારે તો ફરવા ગયેલા અને બપોરે એકાએક શાંત થઈ ગયા । મૃત્યુ પામેલ વડીલને અનાથી ચડીયાતી અંજલી બીજી શી હોઈ શકે ? એને કહેવાય રળીયામણું મૃત્યું.

વડીલોએ કોઈ પણ હીસાબે બે કિલાક પોતાના ખાસ કલાકો તરીકે અલાયદા રાખવા જોઈએ. પરિવારના જુનીયર લોકોને તેથી ખાસ રાહત મળતી હોય છે. સીનીયર સીટીઝનને પોતાના સ્વરાજની જેમ જુનીયર સીટીઝનનું સ્વરાજ પણ વહાલું હોવું જોઈએ. ખાસ કરીને દીકરાની વહુનો આદર જીતી લેવાની કળા ખુબ મહત્વની છે. જે સાસુને માતા બનતાં ન આવડે અને જે સસરાને પીતા બનતાં ન આવડે તેઓ ફુલ્લી નપાસ ગણાય. છુટાં રહેવું સારું. છેટાં રહેવું સારું, પણ ભેગાં રહીને ઝઘડતાં રહેવું અત્યંત નઠારું. તમે દીકરાની જન્મતીથી યાદ નહીં રાખો તો ચાલશે, પણ પુત્રવધુની વર્ષગાંઠ યાદ રાખીને નવી સાડી ભેટ આપવાનું ચુકી જાઓ તેમાં શાણપણ નથી. જે પરિવારમાં ગૃહલક્ષ્મીનો આદર નથી હોતો, તે ઘરમાંથી સુખ પાછલે બારણેથી ભાગી છુટે છે.

પુજ્ય રવીશંકર મહારાજ વાતવાતમાં કહેતા કે માણસે પાકેલી ખારેકની માફક ખરી પડવાનું છે. સીધી લીટીનો માણસ નાસ્તીક હોય તોય આધ્યાત્મીક જાણવો. આપણે ત્યાં ક્યારેક સો ટચનો સજ્જન મનુષ્ય કોઈ લંપટ સાધુનો ચરણસ્પર્શ કરતો જોવા મળે ત્યારે દુખ થાય છે.

કેટલાક સીનીયર નાગરીકો ભક્તીમાં વેવલા બનીને ગાંડપણ પ્રગટ કરતા રહે છે. એ માટે આવનારા મૃત્યુનો ડર કારણભુત છે. સીનીયર સીટીઝનની ખુમારી ખુટવી ન જોઈએ ખુમારી ખુટે ત્યારે જ ઘડપણ પ્રવેશે. ઘડપણની ખરી બહેનપણી ખુમારી છે. સીનીયર સીટીઝન હોવાને નાતે સૌ સીનીયર સીટીઝન્સને ખાસ વીનતી છે. તમને ટટ્ટાર રાખનારી અખંડ સૌભાગ્યવતી ખુમારીદેવીને જાળવી લેવાનું ચુકશો નહીં.

પાઘડીનો વળ છેડે, આપણે વૃદ્ધ થઈ ગયાં તેથી હસવાનું ઓછું નથી થયું. પરતુ આપણું હસવાનું ઓછું થયું, તેથી આપણે વૃદ્ધ થઈ ગયા.

સંકલન

## હરપલ મિઠાસ... હોમ મેડ સ્વિટ્સ

### સ્પેશ્યાલીસ્ટ ઈન મીની સાટા

| | |
|---|---|
| ✓ અડદીયા પાક | ✓ ચુરમા લાડૂ |
| ✓ મોહન થાળ | ✓ શાહી લાડૂ |
| ✓ ફીણીયા લાડૂ | ✓ ખજુર રોસ |
| ✓ ગોળીયા લાડૂ | ✓ ડીંક લાડૂ |
| ✓ ગોળપાપડી | ✓ શિંગદાણા લાડૂ |
| ✓ ગુંદર પાક | ✓ રવા લાડૂ |
| ✓ ઓટ્સ લાડૂ | ✓ બેસન લાડૂ |

Contact : **RUPAL H. SAVLA**

Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad

**Ph : 81064 59594**

(જા.ખ.)





## R.S. BANDHANI HOUSE

### કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા, હૈદરાબાદ ૫૦૦ ០૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

Answers to the last Month's Quiz : -

(A)
૧. બોલે તેના બોર વેચાય
૨. ન બોલવામાં નવ ગુણ
૩. રાજા વાજા ને વાંદરા સરખા
૪. કાંખમાં છોકરો, ગામમાં ઢંઢેરો
૫. ટિપેટિપે સરોવર ભરાય
૬. પારક માં કાન વિંધે
૭. કીડી ને કણ ને હાથી ને મણ
૮. હસે એનું ઘર વસે
૯. વડ તેવા ટેટા, બાપ તેવા બેટા
૧૦. રાજા ને ગમી તે રાણી

(B)

| | |
|---|---|
| 1. Partner | 6. Light |
| 2. Letter | 7. Cross |
| 3. Pen | 8. Yard |
| 4. House | 9. Land |
| 5. Address | 10. Light |

The persons who have given correct answers are :

Avani Kalpesh Chheda
Bharati Dharod
Bhavini Bhavesh Heniya
Dhanvi Arun Mota
Geeta Shah
Hilani Dhaval Shah
Kalpa Chheda
Kalpana Hiren Patel
Laxmiben Chawda
Moksh Ajay Shah
Mayank Ajay Pasad
Neev M. Furia
Neena Dharod
Pooja Khiresh Lalka
Pallavi S. Nagda
Riddan Chheda
Rachana Shah
Sonal Mahajani
Sagar Lapasiya
Trushali Sanjay Lalka
inod J. Shah
Veena Gosar
Vandana Haria

Quiz for the Month

(A) નીચે શું લખ્યું છે
તે વાંચીને બતાવો...!!



( ગુજરાતીમાં જ લખ્યું છે હો..)

(B) આ શું લખ્યું છે ?

10  V ના G1 G+C ખો

You are invited to give your answers by whatsup - SMS - or in writing.



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી કાચીગુડાથી મેડચલ ૭૨ જીનાલય તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂા. ૫૦/– માત્ર અને બસના લાભાર્થી નો નકરો રૂા. ૫૧૦૦/–. આવા સુંદર આયોજન માટે જરૂરથી લાભ લેશો તથા અન્યને પણ લાભ લેવા પ્રેરીત કરશો.

૧૭ જૂન ૨૦૧૮ના શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન છે તથા રવિવાર તા. ૨૪–૬–૨૦૧૮ ના શ્રી નવગ્રહ મંદીર નો કાર્યક્રમ છે. નવગ્રહ મંદીરે વિશિષ્ટ પૂજા રાખવાનો વિચારાધીન છે. નવગ્રહ મંદિર માટે બસના દાતા છે શ્રી વિનોદભાઈ મહેતા છે. આ કાર્યક્રમ માટે રૂા. ૧૫૦/– નો નકરો રાખવામાં આવેલ છે. નકરાની રકમ સંચાલકશ્રી પાસે જમા કરી વેલો તે પેલોના ધોરણે નામ નોંધાવશો.

વિશેષમાં દિવસે દિવસ વધતી મોંઘાવરીના કારણે શ્રી સંઘ ઉપર ખર્ચાઓનો બોઝ વધતો જાય છે. આ પરિસ્થિતિને સમયસર ચેતી સવારી લેશું નહીંતો નજદીકના ભવિષ્યમાં એવી પરિસ્થિતી નિર્માણ થશે કે શ્રી મેડચલ તીર્થ યાત્રાનું ક્રમ આપણી યોજના માંથી બાકત કરવું પડશે. એવી પરિસ્થિતી ન સર્જાય એ શુભ આશય છે. શ્રી સંઘે નીચે મુજબ સ્કીમ તયાર કરી છે જેનો અમલ ૧ જુલૈ ૨૦૧૮ થી થશે.

## શ્રી મેડચલ તીર્થ યાત્રાના કાયમી સંઘપતી તથા કાયમી સહાયક સંઘપતી

આ યોજનામાં એકથી વધુ પણ લાભાર્થી જોડાઈ શકે છે. કાયમી સંઘપતીને રૂા. ૧૫૦૦/– દર મહીને શ્રી સંઘપાસે જમા કરવાના રહેશે. તથા કાયમી સહાયક સંઘપતીને દર મહીને રૂા. ૧૦૦૦/– શ્રી સંઘ પાસે જમા કરવાના રહેશે. આ સંઘપતીઓને વિશિષ્ટ સભાસદનો દર્જો આપવામાં આવશે. તથા ઉપરોક્ત બન્નો યાત્રામાં પોતાના ત્રણ સભાસદને લઈ આવી શકશે. આ યાત્રીકોને શ્રી સંઘ તરફથી યાત્રા કરાવામાં આવશે. આ સુંદર અને નાની બજેટ ની સ્કીમનું જરૂરથી લાભ લેશોજી.

મેડચલ તીર્થ યાત્રાના કાયમી સંઘપતીના સ્કીમમાં બે નામોઆવી ગયા છે. શ્રી સંઘને પાંચ લાભાર્થીની આવશ્યક્તા છે.

૧) માતુશ્રી ઉષાબેન પ્રતાપરાય કપાસી હસ્તે સુપુત્રો ૨) માતુશ્રી ગુલાબબેન કસ્તૂરચંદ ખંડોર હસ્તે શ્રી સુભાષભાઈ ખંડોર ૩) નલીનભાઈ ખારા. અન્ય નકરાઓ પણ નક્કી કરવાનું વિચારાધીન છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

(જા.ખ.)

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**
**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**